# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૭/૧૧/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ન્યુ લેબર કોડ્સ એન્ડ અનએમ્પ્લોયમેન્ટ બેનીફીટ અન્ડર ઇએસઆઇ – નોલેજ સિરીઝનું સમાપન, અંતિમ દિવસે સોહેલ સવાણીએ ત્રણ નવા મજુર કોડ વિશે માર્ગદર્શન આપ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા નવા ચાર મજુર કોડ ઉપર નોલેજ સિરીજનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ત્રીજા અને અંતિમ દિવસે શનિવારે, તા. ૭ નવેમ્બર ૨૦૨૦ના રોજ 'ન્યુ લેબર કોડ્સ એન્ડ અનએમ્પ્લોયમેન્ટ બેનીફીટ અન્ડર ઇએસઆઇ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વક્તા તરીકે ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન અને સવાણી ઇન્સ્ટીટયુટ ઓફ લેબર લોઝ એન્ડ સ્કીલ ડેવેલપમેન્ટના ફાઉન્ડર સોહેલ સવાણી દ્વારા કોડ ઓન સોશિયલ સિક્યુરીટી ૨૦૨૦, કોડ ઓન વેજીસ ૨૦૧૯ અને કોડ ઓન ઇન્ડસ્ટ્રીયલ સેફટી, હેલ્થ એન્ડ વર્કીંગ કંડીશન, ૨૦૨૦ અંતર્ગતની જોગવાઈઓ અને સુધારાઓથી અવગત કરવામાં આવ્યા હતા.

સોહેલ સવાણીએ જણાવ્યું હતું કે, ભારતના કુલ આશરે ૪૦ કરોડ વ્યક્તિઓને સોશિયલ સિક્યુરીટી જાળમાં એપ્રિલ ૨૦૨૦થી સમાવી લેવામાં આવશે. જેમાં સેલ્ફ એમ્પ્લોઇ, કન્સ્ટ્રકશન વર્કર, રિક્ષા– ટેક્સી ડ્રાઈવરો, ફૂડ ડિલીવરી બોય, ઘરકામ કરતી મહિલાઓ વિગેરેનો ખાસ સમાવેશ કરવામાં આવ્યો છે. પગારની ચૂકવણી હવે ૭ તારીખ સુધીમાં કરવી પડશે. ચારેય કોડ લાગુ પડ્યેથી લગભગ દરેક સંસ્થાએ કર્મચારીઓનું વેતન માળખું બદલવું પડશે. ગ્રેજ્યુઇટી, લઘુત્તમ વેતન, પી.એફ, બોનસ, હક રજા વિગેરે ચૂકવણીઓની જવાબદારીઓમાં વધારો થશે. રજીસ્ટરો અને રીટર્નસ્ હવે તદ્દન ઓછા અને ઓનલાઈન જાળવવા પડશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફેકટરી લાયસન્સ ૨૦ કામદારો ઉપર, કોન્ટ્રાકટ લેબર લાયસન્સ ૫૦ કામદારો ઉપર, ઇન્ટર સ્ટેટ માઈગ્રેન્ટ વર્કસ ૧૦ કામદાર ઉપર લાગુ પડશે. ૫૦ લાખ સુધીના કન્સ્ટ્રકશન ઉપર લેબર વેલ્ફેર સેસ ભરવાની રહેશે નહીં. ૧૦ કે તેથી વધુ કામદારોવાળી સંસ્થાઓ માટે કર્મચારીઓને એપોઈન્ટમેન્ટ લેટર આપવા, હેલ્થ ચેક–અપ કરાવવા અને નોકરીની ખાલી જગ્યા જાહેર કરવા જેવી ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. માઈગ્રન્ટ વર્કસને વર્ષમાં એક વખત વતન જવા આવવાનું ભાડું ચૂકવવું પડશે. પગાર અને બોનસની ચૂકવણી ફરજીયાત બેંક ખાતામાં જ કરવી પડશે. કોન્ટ્રાકટરોને સંસ્થાની મુખ્ય પ્રવૃતિમાં રોકવા ઉપર પ્રતિબંધ કરાયો છે. હવે પછી પીએફ વિભાગ છેલ્લા પાંચ વર્ષ સુધીના જ રેકોર્ડ તપાસી શકશે.

તેમણે વધુમાં કહયું કે, સદર કોડમાં પેનલ્ટીની કડક જોગવાઈઓ હોવાથી ભવિષ્યમાં કાયદાનું પાલન ચુસ્તપણે કરવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં. ચારેય નવા મજુર કોડના ઝડપી અમલને ધ્યાને લઈ દર મહિને એકથી બે દિવસ ઇન્ડસ્ટ્રીઝના મદદરૂપે તેમના દ્વારા ચેમ્બરમાં કાઉન્સેલીંગ કરવામાં આવશે. વધુમાં સદર મજુર કોડના પડકારો અને સૂચનો, રાજ્ય અને કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલયોને વખતો વખત કરવામાં આવશે.

આજના વેબિનારમાં ચેમ્બરના ઉપપ્રમુખ આશિષ ગુજરાતીએ સ્વાગત પ્રવચન કર્યુ હતું. સમગ્ર વેબિનારનું સંચાલન માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કર્યુ હતું. અંતે ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી ધનેન્દ્ર પાટીલે સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યુ હતું.